IT: WWW.VIJAY-JOTANI.WEEBLY.COM

## વિલેય + વિલાયક → વિલયન

**વિલયન:** બે કે વધુ પ્રકારનુ સમાંગી મિશ્રણ
**વિલાયક:** વિલયનનો એ ઘટક જેની ભૌતિક અવસ્થા એજ હોય જે વિલયનની છે
**વિલેય:** એ પદાર્થ જે વિલાયકમા ઘોળાઇને વિલયન બનાવે

**વિલયન સાંદ્રતા :** વિલયનના એ ગુણધર્મો (ઉદા પાણી વિલયનની મીઠાસ,રંજક,વિલયનનો રંગ)જે તેમા રહેલ **વિલેયની માત્રા** પર આધારિત છે

**મોલરતા (M):** **વિલયનના** એક **લીટરમા** ***વિલેયના*** મોલોની સંખ્યા

| | | |
|---|---|---|
| $M = \frac{n}{V}$ | $\frac{\text{મોલોની સંખ્યા}}{\text{વિલયનનુ આયતન}}$ | 0.5M ને 0.5 મોલારીટી કહેવાય |

**મોલલતા (m):** **વિલાયકના** પ્રતિ **kg**મા ***વિલેયના*** મોલોની સંખ્યા

| | | |
|---|---|---|
| $m = \frac{1000\, n_B}{W_A}$ | $\frac{\text{વિલેયનામોલોની સંખ્યા}}{\text{વિલાયકના ગ્રામોની સંખ્યા}}$ | 0.5m ને 0.5 મોલાલીટી કહેવાય |

→તાપમાન સાથે મોલરતા બદલે કા.કે.તાપમાન સાથે પ્રવાહીનુ આયતન બદલે
→પણ તાપમાન સાથે મોલલતા ન બદલે કા.કે. તાપમાન સાથે પ્રવાહીનુ દળમા બદલાવ નહી

**તુલ્યાંકી ભાર:** કોઇપણ પદાર્થના ભાગોની એ સંખ્યા જે *પ્રત્યક્ષ* અથવા *અપ્રત્યક્ષ રૂપથી*
→હાઇડ્રોજનના 1.008 ભાગ અથવા
→ઓક્સીજનના 8 ભાગ અથવા
→ક્લોરીનના 35.5 ભાગ
સાથે સંયુકત થશે અથવા વિસ્થાપિત થશે તેને **તુલ્યાંકી ભાર** કહેવાય

તુલ્યાંકી ભાર પણ 'અણુભાર' કે 'પરમાણુભાર'ની જેમ એક સંખ્યા તેથી માત્રક ન ધરાવે.......પરંતુ **ગ્રામ તુલ્યાંકભાર= તુલ્યાંક ભારને ગ્રામમા દર્સાવવો**

| | |
|---|---|
| **તુલ્યાંકી ભાર**$=\frac{\text{પરમાણુ અથવા અણુભાર}}{\text{સંયોજકતા}}$ | |
| **એસિડનો તુલ્યાંકી ભાર**$=\frac{\text{અણુભાર}}{\text{બેઝીકતા}}$ | **બેઝીકનો તુલ્યાંકી ભાર**$=\frac{\text{અણુભાર}}{\text{એસિડિટી}}$ |
| **saltનો તુલ્યાંકી ભાર**$=\frac{\text{અણુભાર}}{\text{ધાતુ પરમાણુની કુલ સંયોજકતા}}$ | |

**નોર્મલતા (N):** "**વિલયનના** પ્રતિ લિટરમા ઘોળેલા ***વિલેયના*** **ગ્રામ તુલ્યાંકી ભારોની સંખ્યા**

| | |
|---|---|
| | $N=\frac{\text{વિલેયના ગ્રામ તુલ્યાંકી ભારોની સંખ્યા}}{\text{લીટરમા વિલયનનુ આયતન}}$ |
| તેથી | $N=\frac{\text{ગ્રામમા વિલેયની માત્રા}}{\text{વિલેયનુ તુલ્યાંકી ભાર}} \times \frac{1}{\text{લીટરમા વિલયનનુ આયતન}}$ |
| તેથી | $N=\frac{\text{ગ્રામ / લિટરમા વિલયનની પ્રબળતા}}{\text{વિલેયનુ તુલ્યાંકી ભાર}}$ |
| કા.કે. | $\text{પ્રબળતા}=\frac{\text{ગ્રામમા વિલેયની પ્રબળતા}}{\text{લિટરમા વિલયનનુ આયતન}}$ |

## વિલયનોના પ્રકાર:

| વિલેય | વિલાયક | વિલયન |
|---|---|---|
| ઘન | ઘન | મિશ્ર ધાતુ જેમકે કોપર |
| ઘન | પ્રવાહી | પાણીમા ખાંડ |
| ઘન | વાયુ | વાયુમા કેમ્ફર |
| **પ્રવાહી** | **ઘન** | **સ્વર્ણમા મરકરી (પારો)** |
| **પ્રવાહી** | **પ્રવાહી** | **પાણીમા આલ્કોહોલ** |
| **પ્રવાહી** | **વાયુ** | **હવામા આદ્રતા** |
| વાયુ | ઘન | પેલેડિયમમા હાઇડ્રોજન |
| વાયુ | પ્રવાહી | સોડા વોટર |
| વાયુ | વાયુ | વાયુ |

Syllabus મા ત્રણ પ્રકારના:

**(1) પ્રવાહીમા પ્રવાહી**

→**ઉદા:**પાણીમા આલ્કોહોલ
→જે ઓછી માત્રામા=**વિલેય** ગણવુ.....વધુ માત્રામા=**વિલાયક**......

ત્રણ સ્થિતિ બને:

| | |
|---|---|
| બંને પૂર્ણત: મિશ્રિત | પાણી અને આલ્કોહોલ |
| બંને અંશત: મિશ્રિત (માત્ર નિશ્ચિત માત્રામા વિલયશીલ) | પાણી અને ઇથર<br>પાણી અને ફીનોલ |
| બંને અમિશ્રિત (તાપમાન વધારતા મિશ્રણ કરી શકાય) | પાણી અને બેન્જીન<br>પાણી અને ટોલુઇન |

**(2) પ્રવાહીમા ગેસ**

→લગભગ બધી ગેસ:
→**ઉદા:**પાણીમા ઓકસીજન તળાવોમા મળે

પ્રવાહીમા ગેસની વિલયતા પર ત્રણ કારકો પ્રભાવ પાડે

| | |
|---|---|
| દબાણ | ***હેનરીનો નિયમ:***<br>**"કોઇ વિલાયકમા મિશ્રિત ગેસનુ દ્રવ્યમાન** અથવા **મોલઅંશ ગેસના આંશિક દબાણના સપ્રમાણમા**<br>$K = \frac{p}{x}$ k=સ્થિરાંક<br>p=ગેસનુ આંશિક દબાણ<br>x= વિલયન ગેસના મોલઅંશ<br>***હેનરીનો નિયમ તો જ લાગુ જો નીચેની શરતો પુર્ણ થાય:***<br>(1)દબાણ બહૂ વધારે ન હોય<br>(2)તાપમાન બહુ ઓછુ ન હોય<br>(3)ગેસ વિલાયક સાથે કોઇ સંયોજન ,વિયોજન,રાસાયણિક પ્રકિયા ન કરે |
| તાપમાન | સ્થિર દબાણ છતા તાપમાન વધતા ગેસની વિલેયતા **ઓછી** થઇ જાય....કા.કે.ગરમ કરતા મિશ્રિત ગેસ નિકળી જાય |
| ગેસ અને વિલાયકનો સ્વભાવ | $CO_2$,HCl,$NH_3$પાણીમા અત્યંત વિલેય,$H_2O_2$,$N_2$અલ્પ વિલેય |

**(3) પ્રવાહીમા ઘન**

→ઘન= વિલેય →પ્રવાહીને વિલાયક કહેવાય
**ઉદા:**પાણીમા સોડિયમ કલોરાઇડ:
પાણી-વિલાયક,સોડિયમ કલોરાઇડ-વિલેય

**મોલ અંશ:** કોઇ વિલયનમા એક ઘટકના મોલોની સંખ્યાનો કુલ મોલોની સંખ્યા સાથેનો અનુપાત

WWW.VIJAY-JOTANI.WEEBLY.COM

BUY VEDIO Tutorials FOR JEE MAIN WITH LOTS OF PROBLEM SOLVING SHORT TRICKS AND TIPS

IT: WWW.VIJAY-JOTANI.WEEBLY.COM

## બાષ્પ દાબ :



→શુધ્ધ પ્રવાહી ભરેલ નાના બિકર પર મોટુ બિકર ઢાંકી દેતા પ્રવાહીમાથી અણુ બાષ્પ તરીકે નીકળી ઉપરનુ ખાલી સ્થાન ભરી દે.....**જ્યારે પ્રતિ એકમે "ઉદ્દ્બાષ્પન થનાર અણુઓની સંખ્યા"અને "સંઘટિત થનાર અણુઓની સંખ્યા"બરાબર હોય.........***ત્યારે બાષ્પ પ્રાવસ્થા અને પ્રવાહી પ્રાવસ્થા વચ્ચે સામ્યવસ્થા સ્થાપિત થાય***

***આ સ્થિતિમા પ્રવાહી બાષ્પો દ્વારા પ્રવહી પર પડનાર દબાણ "બાષ્પ દાબ"છે***

## રાઉલ્ટ નિયમ (માત્ર વિલયનો એટલે કે મિશ્રણીય પ્રવાહીને જ લાગુ) :

**નિયમ :** "***બાષ્પશીલ પ્રવાહીથી બનેલ*** વિલયનમા પ્રત્યેક પ્રવાહીની **બાષ્પ દાબ** તેના **મોલ અંશને સપ્રમાણમા**"

પ્રવાહી A અને B માટે.... $X_A$ અને $X_B$ = મોલ અંશ

$P_A$ અને $P_B$ = આંશિક બાષ્પ દાબ

**તો રાઉલ્ટ નિયમ મુજબ........**

| | |
|---|---|
| $p_A \,\alpha\, x_A$ | $p_A = p^0_A\, x_A$ |
| **એવી જ રીતે** | $p_B = p^0_B\, x_B$ |

**જ્યા $p^0_A$ અને $p^0_B$ =શુધ્ધ પ્રવાહી મા બાષ્પ દાબ**

તો.....**Total** દાબ $p = p_A + p_B$

$$p = p^0_A x_A + p^0_B x_B$$




## અબાષ્પશીલ વિલેય વાળા વિલયનો માટે રાઉલ્ટ નિયમ :

***નિયમ :*** "કોઇપણ વિલયનના બાષ્પ દાબમા સાપેક્ષ ઘટાડો **વિલેયના મોલઅંશ** બરાબર હોય....કારણકે વિલાયક બાષ્પશીલ હોય"

રાઉલ્ટ નિયમ વિલાયક+વિલેય બાધ્પશીલ ત્યારે લાગે.....પણ જ્યારે વિલયનમા **ખાંડ,મીઠુ** જેવા **અબાષ્પશીલ વિલેય** હોય....

રાઉલ્ટ નિયમ માત્ર બાષ્પશીલ પ્રવાહી માટે.......

તેથી જો A=વિલાયક=બાષ્પશીલ

B=વિલેય=અબાષ્પશીલ

| | |
|---|---|
| $p = p_A x_A$ | રાઉલ્ટ નિયમ મુજબ બાષ્પશીલ માટે |

| | |
|---|---|
| $x_A + x_B = 1$ | total મોલ અંશ =1 હોય |
| $x_A = 1 - x_B$ | |

જેને મુળ સુત્રમા મુકતા..........

| | |
|---|---|
| $p_A = p^0_A(1 - x_B)$ | |
| $\frac{p_A}{p^0_A} = 1 - x_B$ | |
| $\frac{p^0_A - p_A}{p^0_A} = x_B$ | આમ,વિલયનના બાષ્પ દાબમા સાપેક્ષ ઘટાડો **વિલેયના મોલઅંશ** બરાબર હોય<br>$(p^0_A - p_A)$=દાબમા ઘટાડો<br>$\frac{p^0_A - p_A}{p^0_A}$ =સાપેક્ષ દાબમા ઘટાડો |

## IDEAL અને NON-IDEAL વિલયનો :

| | |
|---|---|
| ***આદર્શ વિલયન :*** | જે વિલયન રાઉલ્ટ નિયમનુ પાલન કરે.....તેના બનાવવા પર **ઉષ્મા** અથવા **આયતનમા** પરિવર્તન ***ન થાય*** |
| ***અનાદર્શ વિલયન :*** | જે વિલયન રાઉલ્ટ નિયમનુ પાલન **ન** કરે.....તેના બનાવવા પર **ઉષ્મા** અથવા **આયતનમા** પરિવર્તન ***થાય*** |

## વિચલન :

→મોટાભાગના વિલયનો **અનાદર્શ** હોય....જેમા **આદર્શ વ્યવ્હાર કરતા થોડુ વિચલન હોય.....**જે બે પ્રકારનુ

| | |
|---|---|
| **ધનાત્મક** | ધનાત્મક વિચલન એ **પ્રવાહી યુગ્મો** દ્વારા પ્રદર્શિત કરાય....જેમના માટે **A-B આણ્વીક અન્યોનય ક્રિયા→A-A અને B-B વચ્ચેની અન્યોનય ક્રિયાઓ** કરતા ***ઓછી*** હોય<br>આમા કુલ બાષ્પદાબ = રાઉલ્ટના નિયમ થી મળતા બાષ્પ દાબ કરતા **વધુ હોય**<br>ઉદા :પાણી-પ્રોપેનોલ.....ઇથેનોલ-કલોરોફોર્મ<br> |
| **ઋણાત્મક** | ઋણાત્મક વિચલન એ **પ્રવાહી યુગ્મો** દ્વારા પ્રદર્શિત કરાય....જેમના માટે **A-B આણ્વીક અન્યોનય ક્રિયા→A-A અને B-B વચ્ચેની અન્યોનય ક્રિયાઓ** કરતા ***વધુ*** હોય<br>આમા કુલ બાષ્પદાબ = રાઉલ્ટના નિયમ થી મળતા બાષ્પ દાબ કરતા **ઓછી હોય**<br>ઉદા :પાણી-સલ્ફ્યુરીક એસિડ.....બેન્જીન-કલોરોફોર્મ |



WWW.VIJAY-JOTANI.WEEBLY.COM

BUY VEDIO Tutorials FOR JEE MAIN WITH LOTS OF PROBLEM SOLVING SHORT TRICKS AND TIPS

IT: WWW.VIJAY-JOTANI.WEEBLY.COM




## અણુસંખ્ય ગુણધર્મો :

*"એવા ગુણધર્મો કે જે માત્ર વિલેયના અણુઓની માત્રા પર નિર્ભય.....પરંતુ વિલેય કે વિલાયકના સ્વભાવની કોઇ અસર નહી....તેને......"*

→આવા ચાર ગુણધર્મો :

| | |
|---|---|
| બાષ્પ દાબમા સાપેક્ષ ઘટાડો | કવથનાંક(boiling point) મા વધારો |
| હિમાંકમા ઘટાડો | પરાસરણ દાબ |

### બાષ્પ દાબમા સાપેક્ષ ઘટાડો

| | |
|---|---|
| $\frac{p_A^0 - p_A}{p_A^0} = x_B$ | રાઉલ્ટ નિયમ મુજબ અબાષ્પશીલ વિલેય માટે સુત્ર |
| $x_B = \frac{n_B}{n_A + n_B}$ | મોલ અંશનુ સુત્ર |

છેદમાથી $n_B$ દુર કરતા....કા.કે.તનુ વિલયનોમા $n_B << n_A$

$$X_B = \frac{n_B}{n_A} = \frac{\frac{W_B}{M_B}}{\frac{W_A}{M_A}} = \frac{W_B \cdot M_A}{W_A \cdot M_B}$$

$$\frac{P_A^0 - P_A}{P_A^0} = X_B = \frac{W_B \cdot M_A}{W_A \cdot M_B}$$

તેથી જો *બાષ્પ દાબમા ઘટાડો* અને *વિલાયકનુ અણુ દ્રવ્યમાન* ખબર હોય તો વિલેય **B** નુ દ્રવ્યમાન મળે

$k_b$ ને વિલાયકનો મોલલ ઉન્નયત સ્થિરાંક/કવથનાંક મિતિય ઉન્નયત સ્થિરાંક કહેવાય

વ્યાખ્યા :એક મોલ વિલેયને એક **kg** વિલાયકમા ઘોળવાથી પ્રાપ્ત કવથનાંક ઉન્નયતને મોલલ ઉન્નયત સ્થિરાંક $k_b$ કહેવાય

→તેને ડિગ્રી પ્રતિ મોલલતા મા દર્શાવાય

### કવથનાંક(boiling point) મા વધારો- ઉન્નયત

→ આગળ જોયુ તેમ શુધ્ધ વિલાયકની બાષ્પ દાબ, વિલયનની બાષ્પ દાબ *કરતા વધુ* હોય.....તેથી શુધ્ધ વિલાયકનો કવથનાંક *ઓછો* વિલયનનો કવથનાંક *વધુ* હોય




તાપમાન સાથે બાષ્પદાબનો આલેખ દોરતા જણાય કે વિલયનનો કવથનાંક મા વધારો જણાય

જો આ વધારો $\Delta T_b$ હોય અને બાષ્પ દબાણ $\Delta p$ મા ઘટાડો સુચવે તો.....

| | |
|---|---|
| $\Delta T_b \; \alpha \; \Delta p \; \alpha \; X_B$ | |
| $\Delta T_b = K X_B$ | .......૧ |

| | |
|---|---|
| $X_B = \frac{n_B}{n_A + n_B}$ → <br> $n_B << n_A$ | $X_B = \frac{n_B}{n_A} = \frac{\frac{W_B}{M_B}}{\frac{W_A}{M_A}}$ |

$$= \frac{W_B}{M_B} \times \frac{M_A}{W_A} = n_B \times \frac{M_A}{W_A}$$

$$\because \; n_B = \frac{W_B}{M_B}$$

આને .....૧ મા મુકતા

$$\Delta T_b = K \times n_B \times \frac{M_A}{W_A}$$

જો વિલાયકનુ દ્રવ્યમાન $W_A$ ને કિલોગ્રામ મા લેવાય તો $\frac{n_B}{W_A}$ એ મોલલતા **m** છે

$$\Delta T_b = K \; M_A \cdot m = K_B \, m$$

### હિમાંકમા ઘટાડો -અવનમન

વિલયનનો હિમાંક શુધ્ધ વિલાયક કરતા હંમેશા ઓછો હોય




$\Delta T_f$ એ હિમાંક મા અવનમન હોય તો....

| | |
|---|---|
| $\Delta T_f \; \alpha \; X_B$ | |
| $\Delta T_f = K X_B$ | .......૧ |

| | |
|---|---|
| $X_B = \frac{n_B}{n_A + n_B}$ | $n_B << n_A$ |
| $X_B = \frac{n_B}{n_A} = \frac{\frac{W_B}{M_B}}{\frac{W_A}{M_A}}$ | |
| $= \frac{W_B}{M_B} \times \frac{M_A}{W_A} = n_B \times \frac{M_A}{W_A}$ | |
| $\because \; n_B = \frac{W_B}{M_B}$ | |

આને .....૧ મા મુકતા

$$\Delta T_f = K \times n_B \times \frac{M_A}{W_A}$$

જો $W_A$ ને કિલોગ્રામમા લેવાય તો $\frac{n_B}{W_A}$ એ મોલલતા **m** છે

$$\Delta T_f = K M_A \cdot m = K_f \cdot m$$

$k_f$ ને વિલાયકનો મોલલ અવનમન સ્થિરાંક/હિમાંક મિતિય સ્થિરાંક કહેવાય

વ્યાખ્યા :એક મોલ વિલેયને એક **kg** વિલાયકમા ઘોળવાથી પ્રાપ્ત કવથનાંક ઉન્નયતને મોલલ ઉન્નયત સ્થિરાંક $k_b$ કહેવાય

→તેને ડિગ્રી પ્રતિ મોલલતા મા દર્શાવાય

**કવથનાંક :** એ તાપમાન જેના પર પ્રવાહીની બાષ્પદબાણ અને વાયુ મન્ડલીય દબાણ સમાન હોય

**હિમાંક :** એ તાપમાન જેના પર ઘન અને પ્રવાહી રૂપાની બાષ્પ દબાણ એક સમાન હોય

WWW.VIJAY-JOTANI.WEEBLY.COM

BUY VEDIO Tutorials FOR JEE MAIN WITH LOTS OF PROBLEM SOLVING SHORT TRICKS AND TIPS

## *(4) પરાસરણ દાબ :*

→કિસમિસને પાણીમા રાખતા તે ફુલી જાય......કા.કે.તેની છાલ **અર્ધપારાગમ્ય ઝીલી** હોય (**અર્ધ એટલા માટે કે પાણી બહારથી અંદર જાય પણ અંદરથી બહાર ન જાય)**.......આવી જ રીતે......




આ કૃતિ મુજબ "કોઇ વિલયનને વિલાયક અથવા ઓછાા સાંદ્રણવાળા વિલયનથી અર્ધપારગમ્ય ઝીલી દ્વારા અલગ કરતા **વિલાયકનો વિલયન તરફનો પ્રવાહને "પરાસરણ"** કહેવાય"

→જ્યાસુધી સામ્યવસ્થા પ્રાપ્ત ન થાય ત્યા સુધી આ પ્રવાહ સતત ચાલે

→પણ "ઝીલી દ્વારા વિલાયકનો પોતાના તરફથી વિલયન તરફનો પ્રવાહ **વિલયન પર બાહરી બાહ્ય દબાણ વધારી અધવચ્ચે રોકી શકાય તેને "પરાસરણ દાબ" કહેવાય**

→આ દાબ વિલયનને નળીમા ઉપર ચઢતો અટકાવી લગાડાય.....જે પ્રવાહીની ***ઉચાઇ h ના આયતન ના દ્રવસ્થૈતિક દાબ*** બરાબર હોય

એવા વિલયન જેમના પરાસરણ દબાણ સમાન હોય તેને "**સમપરાસરી વિલયન**" કહેવાય

પરાસરણ દબાણ પણ અણુસંખ્ય ગુણધર્મ **કા.કે.તે વિલેય અણુઓની સંખ્યા પરા આધારિત..... વિલેયના અણુ માટે જેટલુ વિલાયક જોઇ એટલુ અંદર આવે**

| | | | |
|---|---|---|---|
| તનુ વિલયન માટે...... **પરાસરણ દાબ $\pi$ = CRT** જ્યા, C=પ્રતિલિટરમા સાંદ્રતા R=ગેસ સ્થિરાંક T=આપેલ તાપમાન | $\pi = \frac{n_B}{V} RT$ $n_B$ વિલેયના મોલ V લિટરમા ઘોળેલ છે | $\pi V = \frac{w}{M_{विलेय}} RT$ w=V લિટર વિલયનમા ઘોળેલ વિલેયનુ દ્રવ્યમાન | એટલે કે $\pi$,V,w ખબર હોય ત્યારે "M વિલેય" મળે |

પરાસરણ દાબ પણ ઉપરના ત્રણેની જેમ "વિલેયોના આણ્વીક દ્રવ્યમાન" મેળવવાની વિધિ છે જેનો ઉપયોગ **પ્રોટીનો,બહુલકો,અન્ય બૃહદા અણુઓમાટે થાય**

કા.કે.**તેમની** *વિલેયતા સિમિત* **હોય અને** *દ્રવ્યમાન બૃહદ* **હોય** *તેથી તેના ઘણા બધા તનુ વિલયનો બને* →**જેને લી ધે અન્ય અણુ સંખ્યક ગુણધર્મોના માપ અત્યંત નાના મળે.....પરંતુ પરાસરણ દાબનુ માપ માપી શકાય તેટલુ પુરતુ હોય**

બીજુ કારણ એ છે કે **પરાસરણ દાબનુ માપન** *કમરાના સામાન્ય તાપમાને* **થઇ શકે......તેથી જીવાણુના માપન માટે તે ઉપયોગી બને કા.કે.** *જીવાણુ અત્યંત ઉચા તાપમાને સંભવ ન બને*

## પ્રતિલોમ પરાસરણ અને જલ શુધ્ધી કરણ :

જો વિલયન પર **પરાસરણ દાબ** કરતા વધુ દબાણ લગાડાય તો "પરાસરણનો રસ્તો " બદલાઇ જાય......અંદર વિલયનમાથી શુધ્ધ વિલાયક છૂટુ પડી અર્ધપારગમ્ય ઝીલી મારફત બહાર આવવા લાગે જેને **"પ્રતિલોમ પરાસરણ"** કહેવાય

→સમુદ્રી જલનુ વિલવણીકરણ(ખારા માથી મીઠુ પાણી બનાવવા)આનો ઉપયોગ થાય છે

## ઉપરના અણુ સંખ્યક ગુણધર્મો ઘણીવાર અસામાન્ય વ્યવહાર કરે છે અને તેના માપ અનંત થઇ જાય છે તેનુ કારણો નીચે મુજબ છે :

| | |
|---|---|
| 1 | જો વિલયન ખુબ સાંદ્રિત હોય તો વિલેયના કણો એકબીજા સાથે **અંત:ક્રિયા** કરવા લાગે છે (ઉપાય :વિલયન બહુ સાંદ્રિત ન હોવુ જોઇએ) |
| 2 | એકબીજાના **સંગુણન** હોય તેવા કણો એકબીજા સાથે જોડાયને **એક મોટો અણુ બનાવી લે ......** જેથી પ્રાયોગિક દ્રવ્યમાન **વાસ્તવિક દ્રવ્યમાન કરતા વધુ હોય ........** *અણુસંખ્યક ગુણધર્મો આણ્વીક દ્રવ્યમાનના વ્યસ્ત પ્રમાણમા હોવાથી* .....જેના કારણે **અણુસંખ્યક ગુણધર્મો (ઉપરના ચાર) ની મેળવેલ માન એ** ખરેખરના જ્યારે અણુ અસંગુણિત હોય તેના મેળવેલા માન કરતા **ઓછા** મળે...... |
| 3 | વિલયનમા વિયોજનના કારણે વિલેયના કણોની સંખ્યા **વધી** જાય.......જેના કારણે પ્રાયોગિક અણુ સંખ્યાનુ માપ......અણુઓ અવિયોજીત હોય ત્યારે માપેલ માન કરતા વધુ હોય |

## વેન હોફ કારક (i) :

| | |
|---|---|
| →ઉપર જોયુ તેમ વધુ વિયોજન અને વધુ સંગુણનને લીધે.....અનંત અને અસામાન્ય પરિમાણ મળે..... →તેથી વિયોજન અને સંગુણનની સીમા નિર્ધારણ માટે......આ વપરાય.... $i = \frac{\text{असामान्य (अवलोकित) अणुसंख्य गुणधर्म}}{\text{सामान्य (वास्तविक) अणुसंख्य गुणधर्म}}$ | →અણુસંખ્યા ગુણધર્મો $\alpha$ **વિલેયના મોલોની કુલ સંખ્યા** અથવા **વિલેયના અણુઓની કુલ સંખ્યા** $i = \frac{\text{विलयन में विलेय के मोलों की कुल संख्या}}{\text{विलेय के मोलों की परिकलित (अपेक्षित) संख्या}}$ →અણુસંખ્યા ગુણધર્મો વિલેયના આણ્વિક દ્રવ્યમાનના વ્યસ્ત પ્રમાણમા $i = \frac{\text{वास्तविक(परिकलित या अपेक्षित) आण्विक द्रव्यमान}}{\text{असामान्य (अवलोकित) आण्विक द्रव्यमान}}$ આમા અવલોકિત મોલર દ્રવ્યમાન પ્રયોગ દ્વારા મળે જ્યારે વાસ્તવિક મોલર દ્રવ્યમાન વિલેયના રાસાયણિક સુત્ર પરથી મળે |

WWW.VIJAY-JOTANI.WEEBLY.COM

BUY VEDIO Tutorials FOR JEE MAIN WITH LOTS OF PROBLEM SOLVING SHORT TRICKS AND TIPS

## વેન હોફ કારક (i)ના આધારે અણુસંખ્ય ગુણધર્મો :

| | |
|---|---|
| બાષ્પ દાબમા સાપેક્ષ ઘટાડો | $\frac{P_A^0 - P_A}{P_A^0} = i X_B$ |
| કવથનાંક(boiling point) મા વધારો | $\Delta T_b = i K_b m$ |
| હિમાંકમા ઘટાડો | $\Delta T_f = i K_f m$ |
| પરાસરણ દાબ | $\pi V = i CRT$ |

## વેન હોફ કારક (i)ના આધારે સંગુણન અને વિયોજનની માત્રા :

| **સંગુણન** | **વિયોજન** |
|---|---|
| **સંગુણક થાય ત્યારે iનુ માપ 1 થી ઓછુ હોય** | **વિયોજન થાય ત્યારે i નુ માપ 1થી વધુ હોય** |
| **"કુલ અણુઓની સંખ્યાનો એ ભાગ જે સંગુણિત થઇને મોટો અણુ બનાવે.....તેને સંગુણન માત્રા કહેવાય"** | **"કુલ અણુઓની સંખ્યાનો એ ભાગ જે વિયોજન (સાધારણ અણુમા તુટે).....તેને વિયોજન માત્રા કહેવાય"** |
| બેન્જીન મા બેન્જોઇક એસિડના સંગુણકનુ ઉદા જોઇએ | KCl નુ વિયોજન થઇ $K^+$ અને $Cl^-$ આયન આપે |
| $2C_6H_5COOH \rightleftharpoons (C_6H_5COOH)_2$<br>બેન્જોઇક એસિડની બેન્જીનમા સંગુણન કરી દ્વિગુણીત આપે છે........તેથી બેન્જીનમા બેન્જોઇક એસિડની સંગુણન માત્રા **x** છે......તેથી **સામ્યવસ્થા પર....** | $KCl \rightleftharpoons K^+ + Cl^-$ |
| બેન્જીન એસિડમા total અણુ = 1<br>સંગુણન થઇ દ્વિગુણીત અણુ = x<br>તેથી સંગુણીત **મોલોની** સંખ્યા $= x/2$<br>તેથી અસંગુણિત **મોલોની** સંખ્યા = 1-x<br>તેથી બેન્જીન એસિડના કુલ મોલોની સંખ્યા $=(1-x) + x/2$<br>$=1- x/2$<br>वैन्ट हॉफ कारक की परिभाषानुसार:<br>$i = \frac{\text{विलयन में विलेय के मोलों की कुल संख्या}}{\text{विलेय के मोलों की परिकलित संख्या}} = \frac{1-\frac{x}{2}}{1}$ | KClમા total અણુ = 1<br>વિયોજન થયેલ દ્વિગુણીત અણુ = x<br>તેથી વિયોજીત **મોલોની** સંખ્યા =2x<br>તેથી અસંગુણિત **મોલોની** સંખ્યા = 1-x<br>તેથી બેન્જીન એસિડના કુલ મોલોની સંખ્યા =(1-x) + 2x<br>=1- x<br>$i = \frac{\text{विलयन में विलेय के मोलों की कुल संख्या}}{\text{विलेय के मोलों की परिकलित संख्या}} = \frac{1+x}{1}$ |

WWW.VIJAY-JOTANI.WEEBLY.COM

WWW.VIJAY-JOTANI.WEEBLY.COM

BUY VEDIO Tutorials FOR JEE MAIN WITH LOTS OF PROBLEM SOLVING SHORT TRICKS AND TIPS